## જન્મદિને વધામણી



જય તેજસભાઈ લવિંગીયા
મો. ૯૮૯૮૦ ૪૬૨૧૬



બ્રિન્દા ભાવિનભાઈ લવિંગીયા
મો. ૯૪૨૬૪ ૧૭૮૪૮

# અમેરિકન ફિલ્ડ સર્વિસના વિદેશી વિદ્યાર્થીઓની ક્રિકેટ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૪

અમેરિકન ફિલ્ડ સર્વિસ સ્ટુડન્ટ એક્ષચેન્જમાં આવેલા વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકો માટે રાજ્ય કક્ષાની ક્રિકેટ મેચનું આયોજન ગાંધીનગર દ્વારા તા. ૧૧-૧૨ ફેબ્રુઆરીના રોજ સરકારી શાળા ગ્રાઉન્ડ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આપણી તથા વિદેશી સંસ્કૃતિનો સમન્વય થાય તે હેતુથી એ.એફ.એસ. અંતર્ગત શરૂ કરવામાં આવેલ કાર્યક્રમમાં રાજ્યકક્ષાની ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ ટીમે ભાગ લીધો હતો. જેમાં મેક્સિકોથી આવેલ ચાર વિદેશી મહેમાન પણ જોડાયા હતા. ગાંધીનગર, કડી, વડોદરા, અમદાવાદ, આણંદ, રાજકોટ, મુંબઈ સહિતના ૧૩૦ જેટલા સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

રાજ્યકક્ષાની ક્રિકેટ મેચમાં નોંધનીય બાબત એ છે કે ગાંધીનગરના સ્વયંસેવકો ઉપસ્થિત તમામ મિત્રોનું રાત્રી રોકાણ પોતાના ઘરે રાખ્યું હતું. જેથી આપણી સંસ્કૃતિ તથા વિદેશી સંસ્કૃતિઓનું આદાનપ્રદાન થઈ શકે.

કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ ખાસ ઉપસ્થિત રહી સર્વેને પ્રોત્સાહિત કર્યા તથા ટોસ ઉછાળી ક્રિકેચ મેચનો પ્રારંભ કરાવ્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે ધવલ ખટાણા, જનક ગજ્જર, કેવલ ગજ્જર, અર્પિત ક્રિશ્ચિયન, ડૉ. વર્ષા પારેખ તથા ઉત્પલ પટેલ સહિત ગાંધીનગરના એએફએસના સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી. એએફએસના બહારથી આવેલા તમામ સ્વયંસેવકોએ આ આયોજનને અને તેમને અપાતા ભોજનને મનભેર માણ્યું હતું અને આયોજનના ખુબજ વખાણ કર્યા હતા.

## પ્રેરણા વિદ્યાલય દ્વારા આજે વિદ્યાર્થી વિદાય સમારોહ તથા માતા-પિતાની વંદનાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૪

સૅક્ટર-૫માં કાર્યરત પ્રેરણા વિદ્યાલય દ્વારા બુધવારે વિદ્યાર્થી વિદાય સમારોહ તથા માતા-પિતાની વંદના માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ધો.૧૨ અને ૧૦ની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓને વિદાય આપવા માટે વિદાય સમારોહ તથા વિદ્યાર્થીઓના હસ્તે તેમનાં માતા-પિતાને વંદન કરવા માટે કાર્યક્રમનું આયોજન વિદ્યાલય ખાતે સવારે ૮થી ૧૦ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે, એમ વિદ્યાલય દ્વારા જણાવવામાં આવ્યું છે.




એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં યોગવેદાંત સેવા સમિતિ દ્વારા ધો-૮ના વિદ્યાર્થીઓ માટે માતૃ-પિતૃ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધોરણ-૮ ા વિદ્યાર્થીઓએ માતા-પિતાની કંકુ, ચોખા, ફૂલહાર અને મીઠાઈ દ્વારા પૂજા અને પ્રદક્ષિણા કરી હતી, જે કારણે માતા-પિતાની આંખોમાં આંસૂ આવી ગયાં હતાં.

### ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા

# વરિષ્ઠ સર્જક દોલત ભટ્ટ તારક મહેતાને પારિતોષિક





ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી સાહિત્યના સર્જકોને સન્માનવામાં આવ્યા હતા. ગુજરાત સમાચારના વરિષ્ઠ કટાર લેખક તથા ગાંધીનગરના અગ્રણી સાહિત્યકાર દોલત ભટ્ટને શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક એનાયત કરાયું છે. આ ઉપરાંત હાસ્ય ક્ષેત્રે અત્યંત પ્રતિષ્ઠિત ગણાતુ રમણભાઈ નીલકંઠ હાસ્ય પારિતોષિક-૨૦૧૭ વરિષ્ઠ લોકપ્રિય લેખક તારક મહેતાને અર્પણ કરાયું છે.

ગાંધીનગરના સર્જક દોલત ભટ્ટને તેમના પુસ્તક ''સમાજના શ્રેષ્ઠી'' માટે શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક એનાયત કરાયું છે. આ પારિતોષિક તેમને રાજ્યના યુવા સાંસ્કૃતિક બાબતોના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના હસ્તે અર્પણ કરવામાં આવ્યુ હતુ. ચિત્રલેખા સામાયિકમાં 'દુનિયાને ઊંધા ચશ્મા નામની હાસ્ય કટાર થકી વાચકોને ૪૫થી વધુ વર્ષો સુધી જકડી રાખવા ઉપરાંત નવલકથા, એકાંકી, ચરિત્ર લેખન, પત્ર લેખન તેમજ પ્રવાસી સ્વરૂપે હાસ્યને નવી ઊંચાઈ પર પહોંચાડનાર વરિષ્ઠ લેખક પદ્મશ્રી તારક મહેતાને રમણભાઈ નીલકંઠ હાસ્ય પારિતોષિક એનાયત કરાયું છે.

# બીસીએ કોલેજના વિદ્યાર્થીઓ માટે એન્ડ્રોઈડ એપ ડેવલોપમેન્ટનો વોકર્શોપ યોજાયો



ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શહેરની ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા વિદ્યાર્થીઓ માટે એન્ડ્રોઈડ એપ ડેવલપમેન્ટનો બેઝીક વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

વર્કશોપ માટે એક મલ્ટીનેશનલ કંપનીમાં એન્ડ્રોઈડ એપ ડેવલપર તરીકે કામ કરતા અને આ જ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી વિદિત શાહે વિષય તજજ્ઞ તરીકે સેવાઓ આપી હતી. કોલેજના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ આ વોકર્શોપમાં જોડાયા હતા. આ વર્કશોપ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા એપ સ્ક્રીન લેઓઉટ, સ્ક્રીન ડીઝાઈનિંગ, વિવિધ ટૂલ્સ ડીઝાઈનિંગ લેઓઉટનો પ્રાથમિક પરિચય તેમજ પ્રાયોગિક અભ્યાસ કરવામાં આવ્યો. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ટૂલ્સને ઉપયોગમાં લઈ રોજબરોજના ઉપયોગમાં આવતી મોબાઈલ એપ બનાવી તેમની ઉપયોગીતા સમજાવવામાં આવી હતી. અંતમાં વિદ્યાર્થીઓએ પોતે બનાવેલ મોબાઈલ એપ પ્લે-સ્ટોર પર કેવી રીતે અપલોડ કરી શકાય તે સમજાવી આ ક્ષેત્રમાં રહેલ એન્ટરપ્રિન્યોરશીપની તકો વિષે સમજણ આપવામાં આવી હતી.

કોલેજના ડાયરેક્ટર ડૉ. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ તથા કોલેજના અધ્યાપકો ડૉ. અભિજિતસિંહ જાડેજા, પ્રો. વિશાલ પટેલ, પ્રો. જૈમીની કુલકર્ણી તથા પ્રો. કેતન સાળુંકે દ્વારા આ વોકર્શોપનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

જીવનમાં
તોફાન આવે
તે પણ જરૂરી છે
ખબર તો પડે
કોણ હાથ છોડાવીને
ભાગી જાય છે
અને
કોણ હાથ પકડીને
સાથે ચાલે છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જૉલી એલએલબી-૨
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૦

**સ્ક્રીન-૩**
રૅસિડેન્ટ ઍવિલ (૩ડી, અંગ્રેજી)
૭.૪૫
જૉલી એલએલબી-૨
૨.૦૦, ૫.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
ધંત્યા (ગુજરાતી)
૧.૦૦
કુંગ ફુ યોગા
૪.૦૦
દંગલ
૬.૪૫
ઠન ઠન ગોપાલ (ગુજરાતી)
રાત્રે ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
જૉલી એલએલબી-૨
સવારે ૧૦.૦૦
કાબિલ
૧૨.૪૫, ૬.૩૦
રઈસ
૩.૩૦, ૯.૪૫

# હતાશ વ્યક્તિના 'ગૉડફાધર' નહીં, 'ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ બનીએ



**આવો જીવીએ શાનદાર**
વિનોદ અમલાણી
vamlani@yahoo.co.uk

હિન્દી ફિલ્મ જગતના વિખ્યાત નિર્માતા દિગ્દર્શક બી.આર. ચોપરાની એક ફિલ્મ. એ ફિલ્મના નાયક રાજેન્દ્રકુમાર તથા સાથી કલાકાર અશોકકુમાર. રાજેન્દ્રકુમારની કારકિર્દીની શરૂઆતનો એ સમય હતો. એ ફિલ્મના એક દ્દશ્યનું સળંગ શૂટિંગ કરવાનું હતું. અર્થાત કોઈ પણ પ્રકારના 'કટ' વિના નાટકની જેમ જ સળંગ દ્દશ્ય ભજવવાનું હતું અને એ જ રીતે દ્દશ્યાંકન કરવાનું હતું. શૂટિંગ સવારે શરૂ થયું. એ દ્દશ્ય ભજવતી વખતે એક-બે રિટેક થયા એટલે રાજેન્દ્રકુમાર ખૂબ જ અસ્વસ્થ થઈ ગયા. પછી તો રિટેક ઉપર રિટેક થવા લાગ્યા. સવારે શરૂ થયેલું એક દ્દશ્ય માટેનું શૂટિંગ સાંજ સુધી ચાલ્યું પણ એ દ્દશ્ય 'ઓકે' ના થઈ શક્યું. વારંવાર રિટેક થવાને કારણે રાજેન્દ્રકુમાર તો અસ્વસ્થ થઈ ગયા હતા સાથે સાથે યુનિટના અન્ય સભ્યો પણ અસ્વસ્થ થઈ ગયા એટલે દિગ્દર્શક ચોપરાસાહેબ પણ કંટાળી ગયા. અંતે સાંજે થાકીને ચોપરાસાહેબે 'પેક અપ' નો ઓર્ડર આપ્યો ને કહ્યું કે આ દ્દશ્યના શૂટિંગની તારીખ હવે પછી નક્કી કરશું. આ ઘટનાથી રાજેન્દ્રકુમાર ખૂબ જ હતાશ થઈ ગયા કારણકે માત્ર અને માત્ર પોતાની ભૂલોને કારણે જ ફિલ્મનું આખું યુનિટ હેરાન થયું, સમય અને પૈસાની બરબાદી થઈ. સાંજે ઘેર જઈને રાજેન્દ્રકુમારે હતાશા સાથે પોતાની પત્નીને કહ્યું કે પોતે ચોપરાસાહેબની એ ફિલ્મ છોડી રહ્યા છે.

બીજે દિવસે રાજેન્દ્રકુમાર પોતાને આપેલી 'સાઈનિંગ એમાઉન્ટ' સાથે ચોપરાસાહેબની ઓફિસે પહોચી ગયા. ઓફિસે પહોચીને ફિલ્મ છોડવાનો પોતાનો નિર્ણય ચોપરા સાહેબને જણાવ્યો અને પોતાને આપેલી 'સાઈનિંગ એમાઉન્ટ' પરત કરી. રાજેન્દ્રકુમારે ચોપરા સાહેબને કહ્યું કે પોતાને એમ લાગે છે કે પોતે દિગ્દર્શકની અપેક્ષાઓ સંતોષી શકે એમ નથી એટલે બહેતર છે કે પોતે જ ફિલ્મ છોડી દે.

રાજેન્દ્રકુમારનો નિર્ણય જાણીને ચોપરા સાહેબ તો અવાચક જ થઈ ગયા. તરત જ ચોપરાસાહેબે એ ફિલ્મના સાથી કલાકાર અશોકકુમારને ફોન દ્વારા રાજેન્દ્રકુમારના નિર્ણય ની જાણ કરી. અશોકકુમાર તાબડતોબ ચોપરા સાહેબની ઓફિસે પહોંચ્યા. અશોકકુમાર અને ચોપરા સાહેબે રાજેન્દ્રકુમારને પ્રોત્સાહિત કરવા પ્રયત્ન કરતાં કહ્યું કે એ ફિલ્મની ભૂમિકા રાજેન્દ્રકુમારની અભિનય ક્ષમતાને ધ્યાનમાં રાખીને જ લખવામાં આવી છે. રાજેન્દ્રકુમાર સિવાય એ ભૂમિકા બીજા કઈ અભિનેતા સારી રીતે ભજવી શકે જ નહીં. તમારી અંદર એક કલાકાર સુષુપ્ત છે તેને જાગૃત કરો, મહેનત કરો, નાસીપાસ નહીં થાવ અને પૂરી તૈયારી સાથે શૂટિંગ માટે આવો. આમ રાજેન્દ્રકુમારને બંનેએ સાથે મળીને એ ભૂમિકા માટે પાનો ચડાવ્યો. અંતે રાજેન્દ્રકુમાર સંમત પણ થયા.

એક-બે દિવસ પછી એ દ્દશ્યનું શૂટિંગ ફરી પાછું શરૂ થયું. ચોપરાસાહેબ અને અશોકકુમાર સિવાય યુનિટના બધા જ સભ્યોને એક જ શંકા હતી કે આજે ફરી પાછી રાજેન્દ્રકુમાર ભૂલો કરશે, ફરી પાછા થશે અને એ દ્દશ્યનું શૂટિંગ 'ઓકે' નહીં થાય. દિગ્દર્શકે આદેશ આપ્યો;, ''લાઈટ્સ, સાઉન્ડ, કેમેરા, રોલ ઑન એન્ડ એક્શન'' શૂટિંગ નો 'ટેક' શરૂ થયો અને સૌના આનંદ અને આશ્ચર્ય વચ્ચે એક જ 'ટેક' માં દ્દશ્ય 'ઓકે' થઈ ગયું. થોડા સમય પછી ફિલ્મ પૂરી થઈ. પ્રીમીયર શોમાં સૌએ રાજેન્દ્રકુમારના અભિનયની પ્રશંસા કરી અને ફિલ્મ રીલીઝ થયા પછી ખૂબ જ સફળ રહી.

વ્યક્તિ જ્યારે પોતાની જાત પ્રત્યેની અપેક્ષાઓ સંતોષી નથી શક્તી, વ્યક્તિ જ્યારે અન્ય લોકોની અપેક્ષાઓ પ્રમાણે પરિણામો નથી લાવી શક્તી, વ્યકિત જ્યારે પોતે નક્કી કરેલા ટૂંકા ગાળાના કે લાંબા ગાળાના ધ્યેયો પ્રાપ્ત નથી કરી શકતી, વ્યક્તિ જ્યારે પોતાના સંન્નિષ્ઠ પ્રયત્નો છતાં સફળતા પ્રાપ્ત નથી કરી શક્તી ત્યારે કદાચ તે હતાશાની ઊંડી ગર્તામાં ધકેલાઈ જાય છે. ઘોર નિરાશામાં ડૂબી જાય છે. વ્યક્તિ જ્યારે આ પ્રકારની ઘેરી નિરાશાની લાગણી અનુભવે છે ત્યારે તે પોતાના બધા જ શસ્ત્રો હેઠા મૂકીને ટુંટીયું વાળીને બેસી જાય છે. આ પ્રકારની હતાશા તેની માનસિકતા ઉપર, તેની ભવિષ્યની કારકિર્દી ઉપર, તેની તંદુરસ્તી ઉપર અને તેના માનવીય સંબંધો ઉપર વિપરીત અસરો કરી શકે છે. વ્યક્તિ જ્યારે હતાશાની ઘેરી લાગણીથી ઘેરાઈ જાય છે ત્યારે એ વ્યક્તિ એવું માનીને બેસી જાય છે કે પોતે કઈ જ કરી શકે એમ નથી, પોતે કઈ જ કામની નથી રહી, આ બધું પોતાની સાથે જ થાય છે, પોતે જીવવાને લાયક જ નથી. આમ ઘોર નિરાશામાં ધકેલાઈ ગયેલી વ્યક્તિ ક્યારેક આત્મહત્યા જેવુ અંતિમ પગલું પણ ભરી શકે છે.

મહાભારત યુધ્ધના પ્રથમ દિવસે અર્જુનની બદલાયેલી માનસિકતા વિષે આપણે સૌ જાણીએ છીએ. યુધ્ધના પ્રથમ દિવસે જ અર્જુન ઘોર હતાશામાં ડૂબી ગયા હતા અને પોતાના શસ્ત્રો હેઠા મૂકી દીધા હતા. હતાશ અર્જુનને શ્રીકૃષ્ણએ ગીતાજ્ઞાન દ્વારા એ હતાશામાંથી બહાર કાઢ્યા અને પછી જ અર્જુન મહાભારતનું યુધ્ધ વીરતા અને બહાદુરીથી લડી શક્યા અને વિજેતા થયા.


આપણી આસપાસ, આપણાં કુટુંબમાં, આપણાં મિત્રવર્તુળમાં, આપણાં સ્નેહીઓ અને સંબંધીઓમાં, કંઈ કેટલીયે વ્યક્તિઓ કોઈપણ કારણોસર ઘોર હતાશામાં ઘેરાઈ જતી હોય છે .જે વ્યક્તિ હતાશ થઈ ગઈ હોય છે તેને પોતાની હતાશામાંથી બહાર નીકળવા માટે અન્ય કોઈપણ વ્યક્તિની થોડીક જ મદદની જરૂર હોય છે. હતાશ વ્યકિતને સમયસર અને યોગ્ય મદદ મળી જાય તો એ વ્યક્તિ ચોકકસપણે પોતાની હતાશામાંથી બહાર નીકળી શકે છે. જરૂર હોય છે માત્ર મદદ કરનાર વ્યક્તિના સંનિષ્ઠ અને નિઃસ્વાર્થ પ્રયત્નોની.

વ્યક્તિને હતાશામાંથી બહાર કાઢવા માટે તેની હતાશાનું કારણ જાણવું જરૂરી હોય છે. હતાશાનું કારણ જાણ્યા પછી, તેના મૂળમાં જઈને તેનું નિદાન કરીને કાયમી ઈલાજ થઈ શકે તો જ વ્યક્તિ હતાશામાથી બહાર નીકળી શકે અને પોતાનું સામાન્ય જીવન જીવતી થઈ શકે.

હતાશ થયેલી વ્યક્તિને જરૂર હોય છે માત્ર એક ચીનગારીની. તેનામાં કાર્યસિધ્ધી માટેની ક્ષમતા અને કુશળતા વિષે રતિભાર પણ શંકા કર્યા વિના હતાશ વ્યક્તિને એટલો માત્ર એહસાસ કરવી શકીએ કે તેનામાં જરૂરી બધી જ ક્ષમતા અને કુશળતા પડેલી જ છે, તો એ ચિનગારી પ્રગટી જાય. એક વખત ચિનગારી પ્રગટી જાય પછી એ આપમેળે પ્રજલ્વિત થઈ શકે.

ઘણીવાર હતાશ વ્યક્તિ પ્રત્યે દયાભાવ કે સહાનુભૂતિ દર્શાવીને લોકો મોટી ભૂલ કરતાં હોય છે. હતાશ વ્યક્તિ પ્રત્યે દયાભાવ કે સહાનુભૂતિ દર્શાવીને તેને મદદ કરવાની ભાવનાથી તેની નજદીક જઈએ છે ત્યારે તે વ્યકિતનું આત્મબળ અને આત્મશ્રધ્ધા વધારે નબળા પડે છે અને તે વ્યકિત લઘુતાગ્રંથિથી પીડવા લાગે છે. આમ થવાને કારણે, તે વ્યકિત વધારે હતાશ થાય છે. હતાશ વ્યક્તિ પ્રત્યે દયાભાવ કે સહાનુભૂતિ દર્શાવવાને બદલે તેને એક સ્વજન તરીકે, મિત્ર તરીકે, આત્મીય વ્યક્તિ તરીકે સાથ આપીએ, સહકાર આપીએ, તેની આત્મશ્રધ્ધા અને આત્મબળ વધારવા પ્રયત્ન કરીએ. હતાશ વ્યક્તિના 'ગૉડફાધર' બનવાનો પ્રયત્ન કરવાને બદલે તેના 'ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ' બનીને રહીએ તો જ હકારાત્મક પરિણામો લાવી શકાય.

હતાશ વ્યક્તિની આત્મશ્રધ્ધા વધારી શકીએ, તેનું આત્મબળ જગાડી શકીએ, એ વ્યક્તિને પોતાના નક્કી કરેલા ધ્યેય તરફ પાછા વાળી શકીએ, તો હતાશ વ્યક્તિને ફરી પાછી ચેતનવંતી બનાવી શકાય અને તેના જીવનમાં નવા રંગો પૂરી શકાય. હતાશ વ્યક્તિનું જીવન અંધકારમય બની ગયેલું હોય છે, તેમાં આશાના દીપ પ્રગટાવીને તેનું જીવન પ્રકાશમય અને ઝળહળ કરી શકાય.



# સિદ્ધાર્થ લૉ કૉલેજ દ્વારા કાનૂની જાગરૂકતા શિબિર



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં કાર્યરત સિદ્ધાર્થ લૉ કૉલેજ દ્વારા અમદાવાદની કૉલેજના સહયોગથી વિદ્યાર્થીઓ માટે કાનૂની જાગરૂકતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

એમ બી પટેલ રાષ્ટ્રભાષા આર્ટ્સ અનો કૉમર્સ કૉલેજ, અમદાવાદ તથા સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કૉલેજના વિદ્યાર્થીઓને કાયદાકીય જાણકારી મળી રહે તે હેતુથી આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બંને કૉલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શિબિર અંતર્ગત વિદ્યાર્થીઓને કાયદા અંગેનું જ્ઞાન સિદ્ધાર્થ લૉ કૉલેજના આચાર્ય ડૉ. દિલીપ મેવાડા અને અધ્યાપક ડૉ. સોનલ મેવાડાએ આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રભાષા કૉલેજનાં સીડબલ્યુડીસી કન્વીનર શોભનાબેને કર્યું હતું. પ્રૉ. સ્મિતાબેન જોષી, પ્રૉ. ચૌધરી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સિપાલ રાજગોરે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

# વાચકોને આમંત્રણ

## સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## 'મારી યાદગાર સ્કૂલ'